
પ્રાથમિક શાળાના

બીજા ધોરણનો

ગણિત શિક્ષક.

શહેનશાહ અને શહેનશાહબાનુ ઘણું જીવો.



રચનાર—છગનલાલ મોતીરામ શાહ.
શાહપોર—સુરત.

કિંમત રૂ. ૦-૧-૩

પ્રાથમિકશાળાના

બીજા ધોરણનો

મુખગણિત શિક્ષક.

રચનાર,

છગનલાલ મોતીરામ શાહ.

આસિ૦ માસ્તર મ્યુ૦ સ્કુલ. નં ૧ લો.

ભાગાતળાવ-સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા૦ મગનલાલ મોતીરામ.

શાહપોર-સુરત.

આવૃત્તિ ૧ લી, પ્રત ૨૦૦૦.

શા. ખુ અ. ના જૈન પ્રિન્ટિંગ પ્રેસમા

મટુભાઈ ભાઇદાસે છાપ્યુ, ખપાટીઆ ચકલા-સુરત.

સંવત ૧૯૭૦; સને ૧૯૧૪.

કિંમત રૂ. ૦-૧-૩.

જાહેર ખબર.

"મુખગણિત શિક્ષક" માટે મળેલા

વાંચો. **અભિપ્રાયો** વાંચો.

તૈયાર છે. **"મુખગણિત શિક્ષક"** તૈયાર છે.

પ્રાથમિક શાળાના

પહેલા ધોરણનો રૂ. ૦—૧—૦, બીજા ધોરણનો રૂ. ૦—૧—૩,
ત્રીજા ધોરણનો રૂ. ૦—૧—૬, ચોથા ધોરણનો રૂ. ૦—૨—૦.

ગ્રામ્ય શાળાના.

પહેલા બીજા ધોરણનો રૂ. ૦—૨—૬,
ત્રીજા ધોરણનો રૂ. ૦—૨—૦.

નમુનાની દરેક નકલ એકેક આનાની ટિકીટ બીડી મંગાવી ખાત્રી કરો.

કમીશનમાં પુષ્કળ લાભ.

પાંચમા ધોરણનો

મુખગણિત શિક્ષક.

!! છપાય છે !!

પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

શા૦ મગનલાલ મોતીરામ. શાહપોર—સુરત.

પ્રસ્તાવના

નવા બીજા ધોરણમાં મુખગણિતનો અભ્યાસક્રમ કેળવણી ખાતાએ નીચે પ્રમાણે ઠરાવ્યો છે :—

"પહેલા બે વર્ષ માટે મુકરર કરેલા આંક અને ધાતોને લગતા સવાલ આવે એવું મુખગણિત."

ઉપરનો કોર્સ લક્ષમાં રાખી આ બુકમાં પહેલા ધોરણમાં શીખવાએલા અગિઆરા, એકવીસા, પાયાં, અડધાં, દોઢાં અને અઢીઆંના આંકનો સંપૂર્ણ વ્યવહારિક ઉપયોગ આપ્યો છે. બાળવર્ગમા શીખવાએલાં ૧૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ **પહેલા ધોરણની 'મુખગણિતશિક્ષક'** બુકમાં સવિસ્તર આપેલો હોવાથી આમાં તે પૃથક્ આપ્યો નથી, છતાં છેલ્લું **પરચુરણ હિસાબોનું મનોયત્ન** આપ્યું છે, તેમાં પુનરાવર્તન દાખલ ૧૦×૧૦ સુધીના આંકનો પણ ઉપયોગ કરવો પડે એવા પ્રશ્નો આપવામાં આવ્યા છે

પ્રશ્નોમાં વ્યાવહારિકતા અને વિવિધતા લાવવા તરફ પુષ્કળ ધ્યાન રાખ્યું છે. તે પર શિક્ષકો લક્ષ રાખી આપેલા તમામ હિસાબો પગથીઆવાર શિષ્યો પાસે છોડાવશે અને પોતે તેવીજ શૈલીના નવા પ્રશ્નો ઉપજાવી પૂછશે, તો અવશ્ય આંકના શિક્ષણનો હેતુ સફળ થશે.

પહેલા ધોરણમાં ચલણી નાણાંની ધાત શીખવેલી છે. તેનો ઉપયોગ થાય એવા પ્રશ્નોનો એક જુદોજ વિભાગ

આપવામાં આવ્યો છે,—ઉપરાંત બીજા ધોરણમાં શીખવવાની **શેરની અને મણની ઘાતો** ઉલટ સુલટ અનેક રીતે આપીછે. તથા **પોણાં અને સવાયાંના** આંક પણ સાથે સાથે આપી દીધા છે, એટલુંજ નહિ પણ દોઢાં સાથે પોણાંનો, અને અઢીઆં સાથે સવાયાંનો સંબંધ જોડાય તેવાં પલાખાં જુદાં આપ્યાં છે, તેનો શિક્ષકો જો બરાબર ઉપયોગ કરશે તો અપૂર્ણાંક આંકો જે બાળકોને શીખવા અઘરા પડે છે, તે સરળ થશે.

છેલ્લે સુશિક્ષણના નિયમ પ્રમાણે આખા વિષયના **પુનરાવર્ત્તન રૂપ પરચુરણ હિસાબોનું મનોયત્ન** આપ્યુ છે. એજ

તા૦ ૧૨–૬–૧૪

શાહપોર } લિ૦ સેવક,
સુરત. } **છગનલાલ મોતીરામ શાહ.**

અર્પણ પત્રિકા.

દોહરો.

ગુંઈતા ગુણ આચારમાં, લાજે ગુલ ગુલાબ;
બહેકતી પરિમલ સદા, દાતા સમ આફતાબ.

સુગુણચંદ્ર શ્રેયસ્કર શ્રીમાન્માન્યવર્ય
વકીલ મહોદય—ગુલાબદાસ ભાઈદાસ
સૂર્યપૂર.

હાર્દિક અભિવંદન—

આપ ઉદારચિત્ત, રાજ્યભક્ત અને સ્વદેશ સુશિક્ષાના ઉત્કર્ષાભિલાષી મહાનુભાવની સેવામાં આ નાનકડું કિન્તુ બાલોપયોગી પુસ્તક અર્પણ કરતાં કિંકરને આપના, દેશ અને પ્રજાહિતના કાર્યોમાં કટિબદ્ધતા, ગુર્જર બાલબાલિકાઓને સચ્છિક્ષા આપવાની સતત્ પ્રયત્નશીલતા, ગુર્જર સાહિત્યની વૃદ્ધિ કરવાની અસ્ખલિત ઉત્કંઠા, અને ઉગતા યોગ્ય લેખકોની કદર બુઝી ઉત્તેજન આપવાની ઉદારતા આદિ ઉત્તમ સદ્ગુણો તાદૃશ્ય ખડા થઇ સાથે સાથે સહજમાં હૃદય પણ સમર્પિત થઇ જાય છે, તો તે ઉભયને સ્વીકારી કૃતકાર્ય કરશોજી. सुज्ञेषु किमधिकम् ।

આપનો આજન્મ ઋણી સેવક,

છગનલાલ મોતીરામ શાહ.

૧૧×૧=થી ૨૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ.

મનોયત્ન ૧ લો.

૧) ૮૬ માં ૬ કેટલીવાર અને ૮ કેટલી વાર?

૨) એક ખુરસીના ત્રણ રૂપીઆ પડે તો ૧૯ ખુરસીનું શું બેસશે?

૩) ૯૧ રૂપીઆમાંથી તેર તેર રૂપીઆવાળી કેટલી ચોપડી મળે?

૪) એક કોથળીમાં ૧૯) રૂપીઆ છે તો એવી ૯ કોથળીમાં મળીને કેટલા રૂપીઆ હશે?

૫) દરેક છોકરાને ૮, ૮ પતાસાં આપીએ તો ૧૩ છોકરાને આપવાને કેટલાં પતાસાં જોઇએ?

૬) ૧૫, ૧૯, ૧૮, ૧૭, ૧૩ અને ૧૪ ને સાતે ગુણીએ તો શું આવે?

૭) બારોતેરસો, પાંચોતેરસો, આઠોતેરસો અને સત્તરોતેરસો કેમ લખાય?

૮) ૧૦૨, ૧૦૫, ૧૦૮, ૧૧૦, ૧૨૮, ૧૩૩. ૧૧૭, ૧૧૨ અને ૧૮૦ એ આંકમાં કેમ બોલાય?

૯) ૯૫ બોરમાથી દરેકને પાંચ પાંચ બોર આપું તો કેટલા છોકરાને અપાય?

૧૦ કેટલા ચોક પર? કેટલા પંચા ૬૦? કેટલા ચોક સાઠ?

૧૧) ૨૦ ત્રણવાર લઇએ તો કેટલા થાય? ૧૬×૧=થી ૧૬×૨૦=સુધીના જવાબ બોલો,

૧૨) ૯૫માં ૧૯ ઉમેરીએ તો કેટલા થાય? ૧૩૩માંથી ૧૯ જાય તો કેટલા રહે?

૧૩) કયા કયા આંકમાં ૭૨ આવે?

૧૪) ૧૧×૧=થી૨૦×૧૦=સુધીમાં નવની પલાખીના જવાબ બોલો.
૧૫) ૧૯×૫, ૧૩×૭, ૧૪×૮, ૧૫×૯, ૧૮×૭, ૧૮×૮ કેટલા?
૧૬) ૧૩ પાંચવાર, ૧૭ આઠવાર, ૧૯ નવવાર અને ૧૫ પાંચવાર તે કેટલા ?
૧૭) ૧૯, ૧૫ ૧૭, ૧૩, ૯, ૧૨, ૧૬, ૧૮ અને ૧૪ સાત વખત લઇએ તો કેટલા થાય ?
૧૮) ૧૯×૭, ૧૫×૭, ૧૭×૭, ૧૩×૭ ૯×૭, ૧૨×૭, ૧૬×૭, ૧૮×૭, કેટલા ?
૧૯) ૧૪૪માં ૮, ૯, ૧૬ અને ૧૮ કેટલીવાર છે ?
૨૦) ૧૪૪ જે જે પલાખામાં આવતા હોય તે કહો
૨૧) ઓગણીઆ, પંદરા, તેરા, સત્તરા અને બારા સવળા તથા અવળા બોલો.
૨૨) કેટલા ચોક ૬૪, ૬૮, ૫૬, ૭૬, ૮૦, ૭૨અને ૬૦ થાય ?
૨૩) ૧૮૦માંથી કંઇ ન વધે ત્યા સુધી અઢાર અઢાર લેતા જાઓ અને બાકી શું રહે છે તે કહેતા જાઓ.
૨૪) ૭૬+૧૯, ૭૨+૧૮, ૧૦૫+૧૫, ૧૧૭+૧૩, ૮૪+૧૨ કેટલા?
૨૫) ૭૭+૧૧, ૯૬+૧૬. ૯૬+૧૨, ૮૪+૧૪, ૮૦+૨૦ કેટલા?
૨૬) ૧૧+૮૮, ૧૨+૯૬, ૧૩+૬૫, ૧૪+૯૮, ૧૫+૭૫ કેટલા?
૨૭) ૧૭+૧૩૬, ૧૮+૧૪૪, ૧૯+૧૧૪, ૨૦+૧૪૦ કેટલા ?
૨૮) ૯૫−૧૯, ૯૦−૧૮, ૧૨૦−૧૫, ૧૪૦−૧૪, ૯૬−૧૨ કેટલા?
૨૯) ૮૮−૧૧, ૧૧૨−૧૬, ૧૦૮−૧૨, ૯૮−૧૪, ૧૦૦−૨૦ કેટલા?
૩૦) ૮ બેઆનાની દોઢ પાઇ કેટલી ?
૩૧) ૬ આનાની પાઇ વટાવી ૧૨ છોકરાને વહેંચી આપી તો દરેકને કેટલી મળી હશે ?
૩૨) ૧, ૨, ૩, ૪ એમ દશ રૂપીઆ સુધીના આના કહો.
૩૩) કેટલા આના હોય તો ૯ રૂપીઆ આવે ?

૩૪) ૧૫૨ બોર વહેંચતાં દરેકને ૮ બોર આવ્યાં ત્યારે છોકરા કેટલા હશે ?

૩૫) ૧૮ છોકરાની ૭ હાર થવામા ૧૮ ખૂટે છે ત્યારે છોકરા કેટલા હશે ?

૩૬) ૧૫ છોકરાની ૮ હાર કરવાને બદલે ૧૨ છોકરાની કેટલી હાર કરવી ?

૩૭) ૮ જમરૂખનો એક આનો બેસે તો ૧ રૂપીઆમાં કેટલા જમરૂખ આવશે ?

૩૮) કેટલી બેઆનીઓ હોય તો ૧૭ રૂપીઆ મળે ?

૩૯) ૮ પાઇના ૧૩૬ બોર તો ૧ પાઇના કેટલાં ?

૪૦) આનાની ૪ લેખે ૧૮ આનાની કેરીઓ લીધી અને બીજી આનાની ૬ લેખે બે આનાની લીધી તો બધી મળી કેટલી કેરી થઇ ?

૪૧) પાવલાના ૯ લીબુ મળે તો ૪ રૂપીઆના કેટલા આવશે?

૨૧×૧=થી ૩૦×૧૦=સુધીનો ઉપયોગ.

મનોયત્ન ૨ જો.

૧) કયા આંકમા ૧૪૪ અને ૫૬ આવે ?

૨)૨૧×૧=થી ૩૦×૧૦=સુધીમા નવની પલાખી બોલો.

૩) ૨૮ આનાના સવાકા, ઢબુ અને અધેલા કેટલા ?

૪) ૨૯×૫, ૨૩×૭, ૨૯×૯, ૨૯×૭, ૨૮×૬ કેટલા ?

૫) ૨૨૪, ૧૦૨, ૨૩૨, ૧૧૭, ૨૧૬, ૧૭૫, ૧૩૫, ૨૩૪, ૨૫૨, ૨૦૭, ૨૬૧ એ આંકમાં કેવી રીતે બોલાય છે?

૬) છવીસાસો, બે બાવેના, બે સાતોતેર, બે ચોત્રીસા લખો.

૭) ૨૩ પાંચવાર, ૨૭ સાતવાર, ૨૬ નવવાર અને ૨૪ છવાર તે કેટલા ?

૮) ૨૫, ૨૯, ૨૮, ૨૩, ૨૭, ૨૪ ને ત્રણે ગુણીએ તો શું આવે અને આઠે ગુણીએ તો શું આવે ?

૯) ઓગણત્રીસા, પચીસા, અઠાવીસા, અને સત્તાવીસા સવળા તથા અવળા બોલો.

૧૦) કેટલી વખત ૭ લઇએ તો ૧૬૮, ૧૬૨, ૧૫૬, ૧૩૨, ૧૭૪, ૧૩૮ અને ૧૨૬ થાય ?

૧૧) ૨૬૧ માંથી કઇ ન વધે ત્યાં સુધી ઓગણત્રીસ બાદ કરો અને બાકી શું વધે તે કહેતા જાઓ.

૧૨) ૨૧×૧=થી ૩૦×૧૦=સુધીમાં ૩, ૫, ૭ અને ૮ની પલાખી બોલો.

૧૩) ૧૪૫+૨૯, ૨૦૩+૨૯, ૨૦૭+૨૩, ૧૭૪+૨૯ કેટલા ?

૧૪) ૨૪૦+૩૦, ૨૭+૮૧, ૨૫+૧૭૫, ૨૯+૨૦૩, કેટલા ?

૧૫) ૨૦૦–૨૫, ૨૦૭–૨૩, ૧૭૧–૨૫, ૨૨૫–૨૫ કેટલા ?

૧૬) ૧૪૭–૨૧, ૧૮૯–૨૭, ૧૨૫–૨૫, ૧૩૮–૨૩ કેટલા ?

૧૭) ૨૫૨ ગજ માદરપાટમાંથી નવ ગજના કેટલાં ધોતીઆં થાય?

૧૮) એક કોટની સીવડામણી ૭ રૂપીઆ થાય તો ૨૦૪ રૂપીઆમા કેટલા કોટ સીવાય અને બાકી શું વધે ?

૧૯) એક ટેબલના ૭રૂપીઆ બેસેછે તો ૨૬ટેબલનું શું બેસશે?

૨૦) ૨૯ ગજનો એક એવા ૭ તાકા છે તો બધું મળીને કેટલું કપડું હશે ?

૨૧) કેટલી વખત ૨૯ કેરી લઉં તો ૨૦૩ કેરી થાય ?

૨૨) ૩૦૦માં ૧૨ કેરી ઓછી છે ત્યારે કેટલી હશે?

૨૩) એક ગાડામાં ૨૯ મણ એવા સાત ગાડામાં ઘઉં ભરેલા છે તો બધું મળી ઘઉં કેટલા મણ હશે ?

૨૪) મહીનાનો ખરચ ૨૮ રૂપીઆ થાય તો ૭ મહીનાનો કેટલો થાય?

૨૫) દર મહીને ૨૭ રૂપીઆ ખરચું તો પણ મારી પાસે

૯ મહીના ચાલે એટલા રૂપીઆ છે ત્યારે કેટલા રૂપીઆ હશે ?

૨૬) મેં એક માણસને દશ દશ રૂપીઆવાળી ૨૬ નોટ આપી અને ૯ રૂપીઆ રોકડા આપ્યા ત્યારે પોણી ત્રણસોથી કેટલા વધારે અથવા ઓછા આપ્યા?

૨૭) એક નિશાળમાં ૨૦૭ છોકરા છે દરેક વર્ગમાં ૨૩ છોકરા છે તો વર્ગ કેટલા હશે ?

૨૮) દરેક વર્ગમાં ૨૭ છોકરા હોય અને એવા ૯ વર્ગ હોય તો નિશાળમાં છોકરા કેટલા ?

૨૯) એક નિશાળમાં ૨૬૧ છોકરા છે અને વર્ગ ૯ છે ત્યારે દરેક વર્ગમાં કેટલા છોકરા હશે ?

અડધાના આંકનો ઉપયોગ.

મનોયત્ન ૩ જો.

૧) એક કાગળના બે સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ?

૨) ૭ અડધા કાગળ છે તેના આખા કાગળ કેટલા ?

૩) કેટલીવાર અડધો લઇએ તો ૨॥ થાય ?

૪) ૨૪ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા ?

૫) ૩૭ આખાના અડધા કેટલા ?

૬) ૩૫ રૂપીઆ છે દરેક ભીખારીને ૦॥ આપું તો કેટલાને અપાય ?

૭) એક કોટનું શીવડામણ રૂ. ૦॥ થાય તો ૪૨ રૂપીઆમાં કેટલા કોટ સીવાય ?

૮) દરરોજ અડધો શેર અનાજ ખાઉં તો ૩૨ શેર અનાજ કેટલા દિવસ ચાલે ?

૯) હું દરરોજ ૦॥ લાડુ ખાઉં તો ૩૨ દિવસ માટે કેટલા લાડુ જોઇએ ?

૧૦) ૩૨ સોપારી છે તેના અડધા અડધા કડકા કેટલા થશે?
૧૧) ૩૭ાામાં ૨ાા ઉમેરીએ તો કેટલા થાય ?
૧૨) ૪૯ રૂપીઆના અડધા કેટલા આવશે?
૧૩) એક ટોપીનો અડધો રૂપીઓ બેસે છે તો ૬૯ ટોપી લેવાને કેટલા રૂપીઆ જોઇએ ?
૧૪) ૩૬ ગજ લુગડામાંથી અડધા અડધા ગજના કેટલા કટકા થશે?
૧૫) ૧૭×૦ાા, ૨૩×૦ાા, ૪૭×૦ાા, ૫૯×૦ાા, ૬૭×૦ાાકેટલા?
૧૬) અડધાની બેકીની પલાખી બોલી જાઓ.
૧૭) અડધાની એકીની પલાખી બોલો
૧૮) કેટલા અડધા હોય તો તેના આખા પુરેપુરા થાય ? (જ. ૨, ૪, ૬, ઇત્યાદિ.)
૧૯) ૨ાા રૂપીઆનું ઘી, ૧ાા રૂપીઆનું શાક અને ૧૨ાા રૂપીઆનું અનાજ લીધું તો કેટલો ખર્ચ થયો ?
૨૦) ૧૭ાા+૦ાા+૩ાા+૩૪ાા મળીને કેટલા થશે ?
૨૧) દરરોજ ૦ાા રૂપીઆ લેખે ૧૮ માણસને ૯ દિવસના કેટલા રૂપીઆ આપવા પડશે ?
૨૨) ૫૦૦ અડધા રૂપીઆછે તેના આખા રૂપીઆ કેટલા આવશે?
૨૩) ૫ાા રૂપીએ મણ સોપારી મળે તો ૩૭ મણનુ શું આપવું?

દોઢાના આંકનો ઉપયોગ.

અનોયત્ન ૪ થો.

૧) એક ને અડધો મળીને કેટલા થાય ?
૨) અડધો ને એક મળીને કેટલા થાય ?
૩) કેટલા અડધા કાગળ હોય તો દોઢ કાગળ થાય ?
૪) દોઢ રૂપીઓ હતો તેમાં અડધો રૂપીઓ ઉમેર્યો તો કેટલા થયા ?
૫) કેટલા અડધા મળીને દોઢ થાય ?

૬) દોઢમાં પોણો કેટલીવાર છે ?

૭) ત્રણ લાડુમાંથી દોઢ ખાધો કેટલા રહ્યા ?

૮) દોઢ કાગળમાંથી અડધો કાગળ કેટલા છોકરાને અપાય?

૯) પોણો કેટલીવાર લઇએ તો દોઢ થાય ?

૧૦) મારી પાસે ૦॥ રૂપીઓ છે તેમાં શું ઉમેરૂં તો દોઢ રૂપીઓ થાય ?

૧૧) ૬૯+૧॥, ૪૬॥+૧॥, ૧૦૦॥+૧॥, ૯૯+૧॥ કેટલા ?

૧૨) ૧॥+૮૨॥, ૧॥+૪૫, ૧॥+૬૭॥, ૧॥+૭૨ કેટલા ?

૧૩) ૧૦॥–૧॥, ૬૯–૧॥, ૧૦૨–૧॥ કેટલા ?

૧૪) ૫૭×૧॥, ૬૯×૧॥, ૭૯×૧॥, ૯૫×૧॥ કેટલા ?

૧૫) કેટલીવાર દોઢ લઇએ તો ૪૨ થાય ?

૧૬) ચોવીસ આખા ને ચોવીસ અડધા મળીને કેટલા થાય ?

૧૭) જેટલા અડધા તેટલાજ રૂપીઆ કેટલીવાર લઉં તો ૯૬ રૂપીઆ થાય ?

૧૮) ૪૬॥ માં દોઢ કેટલીવાર છે ? કેટલીવાર દોઢ લઇએ તો ૫૫॥ થાય ?

૧૯) ૨૮॥ મણ દૂધમાંથી ૨૭ મણ વપરાયું બાકી કેટલું રહ્યું?

૨૦) એક તામડામાં દોઢ મણ દૂધ માય તો ૨૮ તામડામાં કેટલું માશે ?

૨૧) રૂપીઆનું ૧॥ શેર ઘી મળે તો ૧૮ રૂ.નું કેટલું આવે?

૨૨) એક કોટમાં ૧॥ ગજ કપડું વપરાય તો ૪૨ કોટ માટે કેટલા ગજ કપડું જોઇશે ?

૨૩) દોઢ રૂપીઆની ૧ શેર હીંગ મળે તો ૨૭ શેરનું શું બેસશે ? અને ૨૭ રૂપીઆમાં કેટલી આવશે ?

૨૪) ૪૫ રૂપીઆમાંથી દોઢ રૂપીઆવાળી કેટલી ટોપી આવશે?

૨૫) એક આનાના દોઢ શેર કારેલાં મળે તો રૂ. ૩ના કેટલા આવશે ?

૨૬) એક બળદને ૧॥ શેર અડદ જોઇએ :તો ૫૯ બળદને માટે કેટલા શેર અડદ જોઇશે ?

૨૭) એક બરણીનું વજન ૧॥ શેર થાય તો ૬૭ બરણીનું કેટલું વજન થશે ?

૨૮) ૩૭ છોકરા વચ્ચે ૫૫॥ રૂપીઆ વહેંચ્યું તો દરેકને શું મળશે ?

૨૯) દોઢ શેર ખાંડ રોજ વપરાય તો ૭૦॥ શેર ખાંડ કેટલા દિવસ ચાલશે ?

૩૦) ૪૮માં દોઢ કેટલીવાર ઉમેરૂં તો ૭૨ થાય ?

૩૧) એક સાધુને ૧॥ શેર લોટ આપીએ તો ૯૫ સાધુને આપવાને કેટલો લોટ જોઇશે ?

૩૨) એક શેર એલચીનો રૂપીઓ ૧॥ બેસે તો ૨૯ શેર એલચીનું શુ બેસે ?

૩૩) મણ ઘીના ૨૩ રૂપીઆ બેસે તો ૧॥ મણનું શું આપવું?

૩૪) ૧॥ ગજ ફલાલનનો રૂપીઓ ૧ બેસે તો ૪૦॥ ગજ ફલાલનનું શું બેસશે ?

૩૫) ૭૯॥ રૂપીઆમાં ૫૩ કોટ લીધા તો એક કોટની કિંમત કેટલી પડી ?

૩૬) કેટલા દોઢે ૭૨ ? કેટલા દોઢું ૧૦॥ ? કેટલા દોઢે ૧૩૨?

૩૭) ૪૩॥ ગજના તાકામાંથી ૧॥ ગજના કેટલા રૂમાલ થાય?

૩૮) ૫૭ ધોતીઆના ૮૫॥ રૂપીઆ બેઠા તો એ લેખે એક ધોતીઆનું શું પડયું ?

૩૯) રોજનો ૧॥ રૂપીઓ વાપરૂં તો ૭૬॥ રૂપીઆ કેટલા દિવસ ચાલે ?

૪૦) એક તપેલામાંથી દોઢશેરીઓ લોટો ૫૫ વખત ભરી આપ્યો ત્યારે કેટલું દૂધ આપ્યું ?

૪૧) દરેક છોકરાને ૧॥ કાગળ આપીએ તો ૩૯ કાગળ કેટલા છોકરાને અપાશે ?

૪૨) દોઢાની બબ્બેની પલાખી બોલો.

૪૩) એક માણસ રોજ ૧॥ રૂપીઆ કમાય તો ૧૮ માણસો ૯ દિવસમાં શું કમાશે ?

૪૪) ૧॥ આને શેર ધાણા મળે છે તો ૧॥ રૂપીઆમાં કેટલા આવશે ?

અઢીઆના આંકનો ઉપયોગ.

મનોયત્ન ૫ મો.

૧) બે ને અડધો કેટલા ?

૨) દોઢમાં શું ઉમેરીએ તો ૨॥ થાય ?

૩) કેટલા અડધા હોય તો ૨॥ થાય ?

૪) અઢીમાં અડધો કેટલીવાર છે ?

૫) કેટલા પા અઢી ? અઢીમાં પા કેટલીવાર છે ?

૬) ૪૭॥+૨॥. ૬૭॥+૨॥, ૭૫+૨॥, ૧૮૦+૨॥ કેટલા ?

૭) ૨॥+૧૮૫, ૨॥+૭૨॥, ૨॥+૬૫, ૨॥+૧૦૦ કેટલા ?

૮) ૧૯૨॥–૨॥, ૧૦૫–૨॥, ૨૧૦–૨॥ કેટલા ?

૯) ૧૯૦–૧૮૭॥, ૧૬૭॥–૧૬૫, ૧૦૦–૨॥ કેટલા ?

૧૦) ૪૭×૨॥, ૭૯×૨॥, ૮૭×૨॥, ૨૯×૨॥ કેટલા ?

૧૧) એક માણસ ૨॥ રૂપીઆ કાઢે તો ૩૯ માણસના કેટલા રૂ. થાય?

૧૨) એક કોથળીમાં ૨॥ મણ ઘઉં માય તો ૨૪ કોથળીમાં કેટલા ઘઉં માશે ?

૧૩) ૨॥ શેર ઘીનો ૧) રૂપીઓ બેસે તો ૧૫ રૂપીઆનું કેટલું ઘી આવશે ?

૧૪) રૂ. ૧)નું ૨॥ શેર તો ૨૭॥ શેરનું શું બેસે?

૧૫) એક કોથળીમાં ૨॥ શેર માય તો ૩૬ કોથળીમાં કેટલું માશે?
૧૬) રૂ. ૨॥એ શેર એલચી મળે તો ૩૫ શેરનું શું બેસે?
૧૭) મણ ઘઉંના રૂ. ૨॥ બેસે તો ૪૫ મણનું શું બેસે ?
૧૮) એક માણુસને ૨॥ રૂપીઆ આપીએ તો ૫૫ માણુસને આપવા કેટલા રૂપીઆ જોઇશે ?
૧૯) ૨૧૦ રૂપીઆ ૮૪ માણુસ વચ્ચે ખરચ થયો ત્યારે એક માણુસને ભાગે શું આવશે ?
૨૦) એક તાવડીનું વજન ૨॥ મણ થાય છે ત્યારે એવી ૪૭ તાવડીનું વજન કેટલું થશે ?
૨૧) મણ દૂધમાં ૨॥ શેર ચોખા નાખીએ તો ૬૩ મણ દૂધને માટે કેટલા શેર ચોખા જોઇએ ?
૨૨) મણનો રૂ. ૧॥ બેસે તો ૬૮ મણનું શું બેસે ?
૨૩) ૨॥ શેરનો ૧) રૂપીઓ બેસે તો ૧૮ રૂપીઆમાં કેટલા શેર આવશે ?
૨૪) ૬૯ છોકરા વચ્ચે ૧૭૨॥ રૂપીઆ વહેંચીએ તો દરેકને શું આવશે ?
૨૫) કેટલા અઢીએ ૪૫ ? કેટલા અઢીએ ૧૦૨॥ ?
૨૬) કેટલીવાર અઢી લઇએ તો ૧૦૦ થાય ?
૨૭) ૧૦૦માં ૪૦ કેટલીવાર છે ?
૨૮) રૂ. ૯૭॥ છે રોજ ૨॥ રૂ. ખરચું તો કેટલા દિવસ ચાલે ?
૨૯) એક દિવસનો ખરચ રૂ. ૨॥ થાય તો ૭૭ દિવસમાં શું ખરચ થશે ?
૩૦) ૨॥ આનામાં ૧શેર ખાંડ મળે તો રૂ. ૧। માં કેટલી આવશે?
૩૧) ૫૪ ખુરસી લેવી છે એક ખુરસીના રૂ. ૨॥ બેસે છે તો કેટલા રૂપીઆ ખરચ થશે ?
૩૨) ૨૭ રૂપીએ તોલો સોનું મળે તો ૨॥ તોલાનું શું ?

૫૨૭૬

૩૩) ૮૨॥ રૂપીઆમાં ૨॥ તોલા સોનું આવ્યું ત્યારે તોલાનો ભાવ શો ?

૩૪) ૨૭ માણુસ છે અને ૬૭॥ રૂપીઆ છે તો દરેક માણુસને શું મળશે ?

૩૫) ૧ રૂપીઆમાં ૨॥ શેર તેલ આવે તો ૪૯ રૂપીઆનું કેટલું તેલ આવશે ?

૩૬) શેર હીંગનાં ૨॥ રૂપીઆ પડે તો રૂા. ૪૫ માં કેટલા શેર હીંગ આવશે ?

૩૭) રૂ. ૧૦૦માંથી અઢી અઢી રૂ. કેટલા માણુસને અપાશે ?

૩૮) એક આનાની ૨॥ શેર પાપડી મળે તો રૂા. ૧) ની કેટલી આવશે ?

૩૯) ૨॥ રૂ વાળી ટોપી ૭૨॥ રૂપીઆમાંથી કેટલી આવશે ?

૪૦) ૨॥ આને શેર સાકર મળે તો ૨॥ રૂા.માં કેટલી આવશે ?

૪૧) ૨॥ શેર બદામનો રૂા. ૧) પડે તો રૂા. ०॥ ની કેટલા શેર બદામ મળશે ?

પાયાના આંકનો ઉપયોગ.

મનોયત્ન ૬ ઠો.

૧) એક લાડુના ચાર સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ?

૨) ચાર ०।, ०। લાડુ એકઠા કરીએ તો આખા કેટલા થશે?

૩) ૯ રૂા.ના પાવલા કેટલા ? ૩૬ પાવલીના કેટલા રૂા. મળે ?

૪) ૧૮ વખત ०। રૂપીઓ લઉં તો કેટલા રૂપીઆ થાય ? સાડાચાર રૂપીઆની પાવલી કેટલી ?

૫) ૨૪ રૂપીઆની પાવલી કેટલી ? કેટલી પાવલીઓ હોય તો ૧૪ રૂપીઆ થાય ?

૬) મારી પાસે ૧૭ અડધા છે તેની પાવલી કેટલી આવશે
૭) ૪૯×૦၊, ૫૭×૦၊, ૪૩×૦၊, ૭૬×૦၊ કેટલા ?
૮) કેટલીવાર પા પા રૂપીઓ લઇએ તો રૂ. ૧૯ થાય?
૯) દરેક માણુસને ૦၊ પેંડો આપું તો ૬૮ માણુસને આપવાને કેટલા પેંડા જોઇએ ?
૧૦) ૧ ને ૦၊, ૧၊ ને ૦၊, ૧॥ ને ૦၊, ૧॥၊ ને ૦၊ કેટલા ?
૧૧) ૧૭+૦၊, ૨૩၊+૦၊, ૨૮॥+૦၊, ૩૮॥၊+૦၊ કેટલા ?
૧૨) ૪૯, ૫૯, ૬૯, ૭૯, ૮૯ અને ૯૯માં ૦၊ ઓછો તે કેટલા કહેવાય ?
૧૩) ૯૮॥၊, ૭૮॥၊, ૫૭॥၊, ૭૫॥၊, ૪૭॥, ૭૭॥၊ શબ્દમાં લખો.
૧૪) પાયાની ચચ્ચારની પલાખી બોલો.
૧૫) ૧૭၊, ૫॥, ૨૭॥, ૧૪, અને ૩॥ ને પાયે ભાગીએ તો શું આવે ?
૧૬) રોજ ૦၊ કાગળ વાપરીએ તો ૩૫ દિવસમાં કેટલા કાગળ વપરાય ? ૨૩ કાગળ હોય તો કેટલા દિવસ ચાલે?
૧૭) ૨૩ માણુસ વચ્ચે ૫॥၊ રૂપીઆ આપ્યા તો દરેકને શું મળશે ?
૧૮) પાયાની ચચ્ચારની અને અર્ધાની બબ્બેની પલાખી બોલો.
૧૯) ૬૯, ૭૩, ૭૭, ૪૭, ૩૭, ૫૫. ૭૬, ૫૭, ૮૯, ૮૩, ૯૭, ૯૩, ૪૯, ૪૩, ૪૬, ૯૧, ૬૧, ૩૧, ૪૧, ૭૧, પાવલીના રૂપીઆ કેટલા ?
૨૦) કેટલી વખત ૦၊ મણુ લઇએ તો ૧૯, ૨૨, ૧૭, ૧૩, અને ૨૦ મણુ થાય ?
૨૧) ૩૯, ૨૨, ૧૭, ગજ લુગડામાંથી અડધા ગજના કેટલા કકડા થાય ? ૦၊ ગજના કેટલા થાય ?
૨૨) કેટલા ૦၊ લઉં તો ૧૩, ૧૭, ૧૯, ૨૩, ૨૨, ૧૫ આખા થાય ?

૨૩) ૦ાએ અડધાનો કેટલામો ભાગ અને આખાનો કેટલામો ભાગ ?

૨૪) ૪૦૦ ગજ, ૮૦ ગજ, ૯૦ ગજ, ૬૦૦ ગજ અને ૭૦ ગજમાથી અડધા ગજના કેટલા રૂમાલ થાય ? ૦ા ગજના કેટલા રૂમાલ થાય ?

૨૫) ૬૯, ૭૩, ૭૯, ૮૫, ૯૩, ૭૦૦, અડધાના આખા રૂપીઆ કેટલા ? પાવલીઓ કેટલી ?

+શેરની ધાત.

શેરની ધાત.

શેરના અચ્છેરા	૨
શેરના પાશેરા	૪
શેરના નવટાંકા	૮
શેરના અધોળા	૧૬
શેરના રૂપીઆભાર	૪૦
શેરના પૈસાભાર	૭૨

૨	અચ્છેરે	૧ શેર
૪	પાશેરે	૧ શેર
૮	નવટાંકે	૧ શેર
૧૬	અધોળે	૧ શેર

૪૦	રૂપીઆભાર	૧ શેર
૭૨	જુના પૈસાભાર	૧ શેર

શેરના રૂપીઆભાર	૪૦
પોણોશેરના રૂપીઆભાર	૩૦
અચ્છેરના રૂપીઆભાર	૨૦
પાશેરના રૂપીઆભાર	૧૦
નવટાંકના રૂપીઆભાર	૫
અધોળના રૂપીઆભાર	૨ાા

ટીપ઼:—૭૨ જુના પૈસાભાર=૧ શેર. અને ૯૬ નવા પૈસાભાર=૧ શેર ગણાય છે.

+ વર્ગમાં ત્રાજવા કાટલાં હાજર રાખી છોકરાઓ પાસે તોળાવીને તેમની પાસેજ ઉપજાવી કઢાવવી. રૂપીઆની ધાત જોડે શેરની ધાતનો સંબંધ જોડવો.

૪૦	રૂપીઆભાર ૧	શેર
૩૦	રૂપીઆભાર ૦ાા	શેર
૨૦	રૂપીઆભાર ૦ાા	શેર
૧૦	રૂપીઆભાર ૦ા	શેર
૫	રૂપીઆભાર	નવટાંક
૨ાા	રૂપીઆભાર	અધોળ

શેરના	પૈસાભાર	૭૨
પોણોશેરના	પૈસાભાર	૫૪
અચ્છેરના	પૈસાભાર	૩૬
પાશેરના	પૈસાભાર	૧૮
નવટાંકના	પૈસાભાર	૯
અધોળના	પૈસાભાર	૪ા

૭૨	પૈસાભાર ૧	શેર
૫૪	પૈસાભાર ૦ાા	શેર
૩૬	પૈસાભાર ૦ાા	શેર
૧૮	પૈસાભાર ૦ા	શેર
૯	પૈસાભાર	નવટાંક
૪ાા	પૈસાભાર	અધોળ

શેરના	અધોળા	૧૬
પોણોશેરના	અધોળા	૧૨
અચ્છેરના	અધોળા	૮
પાશેરના	અધોળા	૪
નવટાંકના	અધોળા	૨

૨	અધોળે	નવટાંક
૪	અધોળે	પાશેર
૮	અધોળે	અચ્છેર
૧૨	અધોળે	પોણોશેર
૧૬	અધોળે	એક શેર

શેરના	નવટાંકા	૮
પોણોશેરના	નવટાંકા	૬
અચ્છેરના	નવટાંકા	૪
પાશેરના	નવટાંકા	૨

૨	નવટાંકે	પાશેર
૪	નવટાંકે	અચ્છેર
૬	નવટાંકે	પોણોશેર
૮	નવટાંકે	૧ શેર

શેરના	પાશેરા	૪
પોણોશેરના	પાશેરા	૩
અચ્છેરના	પાશેરા	૨

૨	પાશેરે	અચ્છેર
૩	પાશેરે	પોણોશેર
૪	પાશેરે	૧ શેર

મણની ધાત.

મણના અધમણીઆ	૨
મણના દશશેરા	૪
મણની પાંચશેરી	૮
મણની અઢીશેરી	૧૬
મણની સવાશેરી	૩૨
મણના શેર	૪૦

૨	અધમણીઆ	૧ મણ.
૪	દશશેરા	૧ મણ
૮	પાંચશેરી	૧ મણ
૧૬	અઢીશેરી	૧ મણ
૩૨	સવાશેરી	૧ મણ
૪૦	શેર	૧ મણ

મણના	શેર ૪૦
પોણોમણના	શેર ૩૦
અધમણના	શેર ૨૦
પામણના	શેર ૧૦

૪૦	શેરે	૧ મણ
૩૦	શેરે	૦॥। મણ
૨૦	શેરે	૦॥ મણ
૧૦	શેરે	૦। મણ

મણની અઢીશેરી	૧૬
૦॥। મણની અઢીશેરી	૧૨
૦॥ મણની અઢીશેરી	૮
૦। મણની અઢીશેરી	૪
૫ શેરની અઢીશેરી	૨

૨	અઢીશેરીએ	૫ શેર
૪	અઢીશેરીએ	૦। મણ
૮	અઢીશેરીએ	૦॥ મણ
૧૨	અઢીશેરીએ	૦॥। મણ
૧૬	અઢીશેરીએ	૧ મણ

મણની પાંચશેરી	૮
૦॥। મણની પાંચશેરી	૬
૦॥ મણની પાંચશેરી	૪
૦। મણની પાંચશેરી	૨

૨	પાંચશેરીએ	૦। મણ
૪	પાંચશેરીએ	૦॥ મણ
૬	પાંચશેરીએ	૦॥। મણ
૮	પાંચશેરીએ	૧ મણ

મણના	દશશેરા ૪
૦॥। મણના	દશશેરા ૩
૦॥ મણના	દશશેરા ૨
૦। મણનો	દશશેરો ૧

૧	દશશેરે	૦। મણ
૨	દશશેરે	૦॥ મણ
૩	દશશેરે	૦॥। મણ
૪	દશશેરે	૧ મણ

પોણા.

૧×૦॥।=૦॥।	૧૧×૦॥।=૮।	૨૧×૦॥।=૧૫॥।	૩૧×૦॥।=૨૩।
૨ ૦॥। ૧॥	૧૨ ૦॥। ૯	૨૨ ૦॥। ૧૬॥	૩૨ ૦॥। ૨૪
૩ ૦॥। ૨।	૧૩ ૦॥। ૯॥।	૨૩ ૦॥। ૧૭।	૩૩ ૦॥। ૨૪॥।
૪ ૦॥। ૩	૧૪ ૦॥। ૧૦॥	૨૪ ૦॥। ૧૮	૩૪ ૦॥। ૨૫॥
૫ ૦॥। ૩॥।	૧૫ ૦॥। ૧૧।	૨૫ ૦॥। ૧૮॥।	૩૫ ૦॥। ૨૬।
૬ ૦॥। ૪॥	૧૬ ૦॥। ૧૨	૨૬ ૦॥। ૧૯॥	૩૬ ૦॥। ૨૭
૭ ૦॥। ૫।	૧૭ ૦॥। ૧૨॥।	૨૭ ૦॥। ૨૦।	૩૭ ૦॥। ૨૭॥।
૮ ૦॥। ૬	૧૮ ૦॥। ૧૩॥	૨૮ ૦॥। ૨૧	૩૮ ૦॥। ૨૮॥
૯ ૦॥। ૬॥।	૧૯ ૦॥। ૧૪।	૨૯ ૦॥। ૨૧॥।	૩૯ ૦॥। ૨૯।
૧૦ ૦॥। ૭॥	૨૦ ૦॥। ૧૫	૩૦ ૦॥। ૨૨॥	૪૦ ૦॥। ૩૦

૪૧×૦॥।=૩૦॥।	૫૧×૦॥।=૩૮।	૬૧×૦॥।=૪૫॥।
૪૨ ૦॥। ૩૧॥	૫૨ ૦॥। ૩૯	૬૨ ૦॥। ૪૬॥
૪૩ ૦॥। ૩૨।	૫૩ ૦॥। ૩૯॥।	૬૩ ૦॥। ૪૭।
૪૪ ૦॥।.૩૩	૫૪ ૦॥। ૪૦॥	૬૪ ૦॥। ૪૮
૪૫ ૦॥। ૩૩॥।	૫૫ ૦॥। ૪૧।	૬૫ ૦॥। ૪૮॥।
૪૬ ૦॥। ૩૪॥	૫૬ ૦॥। ૪૨	૬૬ ૦॥। ૪૯॥
૪૭ ૦॥। ૩૫।	૫૭ ૦॥। ૪૨॥।	૬૭ ૦॥। ૫૦।
૪૮ ૦॥। ૩૬	૫૮ ૦॥। ૪૩॥	૬૮ ૦॥। ૫૧
૪૯ ૦॥। ૩૬॥।	૫૯ ૦॥। ૪૪।	૬૯ ૦॥। ૫૧॥।
૫૦ ૦॥। ૩૭॥	૬૦ ૦॥। ૪૫	૭૦ ૦॥। ૫૨॥

૭૧×૦॥।=૫૩।	૮૧×૦॥।=૬૦॥।	૯૧×૦॥।=૬૮।
૭૨ ૦॥। ૫૪	૮૨ ૦॥। ૬૧॥	૯૨ ૦॥। ૬૯
૭૩ ૦॥। ૫૪॥।	૮૩ ૦॥। ૬૨।	૯૩ ૦॥। ૬૯॥।
૭૪ ૦॥। ૫૫॥	૮૪ ૦॥। ૬૩	૯૪ ૦॥। ૭૦॥
૭૫ ૦॥। ૫૬।	૮૫ ૦॥। ૬૩॥।	૯૫ ૦॥। ૭૧।
૭૬ ૦॥। ૫૭	૮૬ ૦॥। ૬૪॥	૯૬ ૦॥। ૭૨
૭૭ ૦॥। ૫૭॥।	૮૭ ૦॥। ૬૫।	૯૭ ૦॥। ૭૨॥।
૭૮ ૦॥। ૫૮॥	૮૮ ૦॥। ૬૬	૯૮ ૦॥। ૭૩॥
૭૯ ૦॥। ૫૯।	૮૯ ૦॥। ૬૬॥।	૯૯ ૦॥। ૭૪।
૮૦ ૦॥। ૬૦	૯૦ ૦॥। ૬૭॥	૧૦૦ ૦॥। ૭૫

સવાયા.

૧×૧।=૧।	૧૧×૧।=૧૩॥।	૨૧×૧।=૨૬।	૩૧×૧ =૩૮॥।
૨ ૧। ૨॥	૧૨ ૧। ૧૫	૨૨ ૧। ૨૭॥	૩૨ ૧। ૪૦
૩ ૧। ૩॥।	૧૩ ૧। ૧૬।	૨૩ ૧। ૨૮॥।	૩૩ ૧। ૪૧।
૪ ૧। ૫	૧૪ ૧। ૧૭॥	૨૪ ૧। ૩૦	૩૪ ૧। ૪૨॥
૫ ૧। ૬।	૧૫ ૧। ૧૮॥।	૨૫ ૧। ૩૧।	૩૫ ૧। ૪૩॥।
૬ ૧। ૭॥	૧૬ ૧। ૨૦	૨૬ ૧। ૩૨॥	૩૬ ૧। ૪૫
૭ ૧। ૮॥।	૧૭ ૧। ૨૧।	૨૭ ૧। ૩૩॥।	૩૭ ૧। ૪૬।
૮ ૧। ૧૦	૧૮ ૧। ૨૨॥	૨૮ ૧। ૩૫	૩૮ ૧। ૪૭॥
૯ ૧। ૧૧।	૧૯ ૧। ૨૩॥।	૨૯ ૧। ૩૬।	૩૯ ૧। ૪૮॥।
૧૦ ૧। ૧૨॥	૨૦ ૧। ૨૫	૩૦ ૧। ૩૭॥	૪૦ ૧। ૫૦

૪૧×૧।=૫૧।	૫૧×૧।=૬૩॥।	૬૧×૧।=૭૬।
૪૨ ૧। ૫૨॥	૫૨ ૧। ૬૫	૬૨ ૧। ૭૭॥
૪૩ ૧। ૫૩॥।	૫૩ ૧। ૬૬।	૬૩ ૧। ૭૮॥।
૪૪ ૧। ૫૫	૫૪ ૧। ૬૭॥	૬૪ ૧। ૮૦
૪૫ ૧। ૫૬।	૫૫ ૧। ૬૮॥।	૬૫ ૧। ૮૧।
૪૬ ૧। ૫૭॥	૫૬ ૧। ૭૦	૬૬ ૧। ૮૨॥
૪૭ ૧। ૫૮॥।	૫૭ ૧। ૭૧।	૬૭ ૧। ૮૩॥।
૪૮ ૧। ૬૦	૫૮ ૧। ૭૨॥	૬૮ ૧। ૮૫
૪૯ ૧। ૬૧।	૫૯ ૧। ૭૩॥।	૬૯ ૧। ૮૬।
૫૦ ૧। ૬૨॥	૬૦ ૧। ૭૫	૭૦ ૧। ૮૭॥
૭૧×૧।= ૮૮॥।	૮૧×૧।=૧૦૧।	૯૧×૧ =૧૧૩॥।
૭૨ ૧। ૯૦	૮૨ ૧। ૧૦૨॥	૯૨ ૧। ૧૧૫
૭૩ ૧। ૯૧।	૮૩ ૧। ૧૦૩॥।	૯૩ ૧। ૧૧૬।
૭૪ ૧। ૯૨॥	૮૪ ૧। ૧૦૫	૯૪ ૧। ૧૧૭॥
૭૫ ૧। ૯૩॥।	૮૫ ૧। ૧૦૬।	૯૫ ૧। ૧૧૮॥।
૭૬ ૧। ૯૫	૮૬ ૧। ૧૦૭॥	૯૬ ૧। ૧૨૦
૭૭ ૧। ૯૬।	૮૭ ૧। ૧૦૮॥।	૯૭ ૧। ૧૨૧।
૭૮ ૧। ૯૭॥	૮૮ ૧। ૧૧૦	૯૮ ૧। ૧૨૨॥
૭૯ ૧। ૯૮॥।	૮૯ ૧। ૧૧૧।	૯૯ ૧। ૧૨૩॥।
૮૦ ૧। ૧૦૦	૯૦ ૧। ૧૧૨॥	૧૦૦ ૧। ૧૨૫

એક પોણું પોણો — બે પોણામ દોઢ

૧×૦।।।	=૦।।।
૨ ૦।।।	૧।।
૩ ૦।।।	૨।
૪ ૦।।।	૩
૫ ૦।।।	૩।।।
૬ ૦।।।	૪।।
૭ ૦।।।	૫।
૮ ૦।।।	૬
૯ ૦।।।	૬।।।
૧૦ ૦।।।	૭।।

સો પોણે પોણાસો — બસેં પોણે દોઢસો

૧૦૦×૦।।।	= ૭૫
૨૦૦ ૦।।।	૧૫૦
૩૦૦ ૦।।।	૨૨૫
૪૦૦ ૦।।।	૩૦૦
૫૦૦ ૦।।।	૩૭૫
૬૦૦ ૦।।।	૪૫૦
૭૦૦ ૦।।।	૫૨૫
૮૦૦ ૦।।।	૬૦૦
૯૦૦ ૦।।।	૬૭૫
૧૦૦૦ ૦।।।	૭૫૦

એકે સવા સવા — બે સવાયે અઢી

૧×૧।	=૧।
૨ ૧।	૨।।
૩ ૧।	૩।।।
૪ ૧।	૫
૫ ૧।	૬।
૬ ૧।	૭।।
૭ ૧।	૮।।।
૮ ૧।	૧૦
૯ ૧।	૧૧।
૧૦ ૧।	૧૨।।

સો સવા સવાસો — બસેં સવા અઢીસો

૧૦૦×૧।	=૧૨૫
૨૦૦ ૧।	૨૫૦
૩૦૦ ૧।	૩૭૫
૪૦૦ ૧।	૫૦૦
૫૦૦ ૧।	૬૨૫
૬૦૦ ૧।	૭૫૦
૭૦૦ ૧।	૮૭૫
૮૦૦ ૧।	૧૦૦૦
૯૦૦ ૧।	૧૧૨૫
૧૦૦૦ ૧।	૧૨૫૦

નાણાંની ધાતનો ઉપયોગ.

મનોયત્ન ૭ મો.

૧) એક આનાની ૧૨ પાઈ તો ૪ આનાની કેટલી? પાવલાની કેટલી? અડધાની કેટલી ?

૨) ૯, ૬, ૫, ૭ અને ૩ આનાની પાઇ કેટલી ? પૈસા કેટલા ?

૩) એક રૂપીઆના ૧૬ આના તો ૩ રૂપીઆના કેટલા ?

૪) ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ રૂપીઆના આના કેટલા?

૫) ૧૧૨, ૧૨૮, ૯૬, ૮૦, ૧૪૪, ૪૮, ૩૨ અને ૬૪ આનાના રૂપીઆ કેટલા ? અડધા કેટલા ?

૬) ૮ આનાની પાઇ કેટલી ? અડધા રૂપીઆની કેટલી ?

૭) ૧૫, ૧૭, ૮, ૧૨, ૧૪, ૧૯ અને ૧૫ અડધાની પાવલી કેટલી ? બે આની કેટલી ? રૂપીઆ કેટલા ?

૮) ૬૪, ૭૨, ૫૬, ૩૨, ૪૮, ૫૨, ૭૬, અને ૮૦ પાવલીના રૂપીઆ કેટલા ? અડધા કેટલા ?

૯) ૨૪, ૩૬ ૭૨, ૧૦૮, ૪૮, ૯૬, અને ૬૦ પાઇના આના કેટલા ? પૈસા કેટલા ?

૧૦) એક રૂપીઆના અડધા કેટલા ? પાવલી કેટલી ? બેઆની ? આની ? ઢબુ ? પૈસા ? પાઇ કેટલી ?

૧૧) એક રૂપીઓ કોની કોની બરાબર છે ?

૧૨) ૧૪૪ આનાના રૂપીઆ કેટલા આવે ? અડધા કેટલા આવે ?

૧૩) બેઆનીના બોર વધારે મળે કે ૧૫ પૈસાના ?

૧૪) પાંચ બે આનીના પૈસા કેટલા ?

૧૫) ૧૨ રૂપીઆના અડધા કેટલા ? પાવલી કેટલી ? બેઆની કેટલી ?

૧૬) ૧૮ આનાના પૈસા કેટલા ? ઢબુ કેટલા ? દોઢ પાઇ કેટલી ?

૧૭) ૧૬ ઢબુ, ૫૨ પૈસા, ૭૨ બેઆની, ૧૧૨ આના, ૬૪ પાવલીની કિંમત કહો.

૧૮) ૭૪, ૬૭, ૭૫ અને ૬૩ પૈસાના આના કેટલા ?

૧૯) પાંચ આના ને ત્રણ પૈસા, બેઆના ને બે પૈસા, આઠ આના ને એક પૈસાની પાઇ કેટલી ?

૨૦) ૧૨ અડધા, ૪ પાવલી અને ૬૪ બેઆનીઓ આપુ તો કેટલા રૂપીઆ મળે ?

૨૧) એક રૂપીઆમાં બે પૈસા ઓછા છે ત્યારે કેટલા આના હશે ?

૨૨) પાંચ રૂપીઆની બેઆનીમાં એક બેઆની ઓછી છે ત્યારે કેટલી બેઆનીઓ હશે ?

૨૩) રોજ બેઆની ખરચું તો ૧૬ દિવસ ચાલે એટલા રૂપીઆ છે ત્યારે કેટલા રૂપીઆ હશે ?

૨૪) રોજ પાવલી ખરચું તો ૫ રૂપીઆ કેટલા દિવસ ચાલે?

૨૫) ઢબુની ૧ પેનશીલ મળે તો ૧॥ રૂપીઆની કેટલી મળે ?

૨૬) એક આનાની ૧૨ પેન મળે તો પાંચ પાઇની કેટલી આવે ? અને જો ૭ પેન લેવી હોય તો શું આપવુ?

૨૭) એક આનાના ૧૭ બોરીઆં મળે તો અડધા રૂપીઆના કેટલાં મળશે ? અને જો ૧૫૩ લેવાં હોય તો શું આપવું ?

૨૮) આઠ પાનની ૧ પાઇ બેસે તો ૫ પૈસાના કેટલાં પાન આવશે? અને જો ૭૨ પાન લેવા હોય તો શું આપવું ?

૨૯) ૧૨ શેર કારેલાના ૪ આના બેસે તો ૧ શેરનું આપવું?

૩૦) રૂપીઆના ૧૬ શેર વેગણ મળે તો એક આનાના કેટલા આવશે ?

૩૧) બે આનાની ૧૦ કેરી મળે તો એક રૂપીઆની કેટલી આવશે? અને જો ૪૦ કેરી લેવી હોય તો શું આપવુ ?

૩૨) ૧ અડધો, ૧ પાવલી, ૧ બેઆની, ૧ આનો છે તેમાં કેટલા આના ઉમેરૂં તો રૂપીઓ થાય?

૩૩) પાવલામાંથી શું ખરચું તો ૯ પૈસા રહે ?

૩૪) ૪ આનામાં કેટલા આના ઉમેરૂં તો રૂપીઓ થાય ?

૩૫) તાંબાના સિક્કા ગણાવો. રૂપાના કયા કયા સિક્કા થાય છે ?

૩૬) અડધા રૂપીઆમાંથી બે પૈસાના પાન, ૧ આનાની સોપારી, ૩ ઢબુની પાપડી અને ૨ આનાના મમરા લીધા હવે મારી પાસે શું રહ્યું ?

૩૭) દુકાનદારને એક રૂપીઓ આપ્યો તેણે મને ૧ અડધો, ૧ આની ને ૩ પાઈ પાછી આપી ત્યારે મેં કેટલાનો સોદો લીધો હશે ?

૩૮) ૭ ગેણીના રૂપીઆ કેટલા ? ૧૩૫ રૂપીઆ હોય તો કેટલી ગેણી આવે ?

પરચુરણ હિસાબ.

મનોયત્ન ૮ મો

૧) એક બેઆનીની ૨૯ ટીકડી મળે તો એક રૂપીઆની કેટલી ?

૨) એક બકરી દોઢ શેર દૂધ આપે તો તેવી ૬૭ બકરી કેટલું દૂધ આપશે ?

૩) એક ટોપીનો રૂ ૦ાા પડે તો ૭૬ ટોપીઓના કેટલા રૂપીઆ આપના પડે ?

૪) એક આગગાડી એક કલાકમાં ૨૭ માઈલ ચાલે તો ૨૪૩ માઈલ જવાને કેટલા કલાક લાગશે ?

૫) દરેક છોકરાને ૦।, ૦। રૂપીઓ આપતાં ૨૩ાા રૂ.માંથી કેટલા છોકરાને અપાશે ?

૬) સાડી સો અને દોઢસો આંકડામાં લખો ?

૭) પોણીસો અને પોણોસો આંકડામાં લખો ?

૮) ૧૫૩ આનામાંથી કેટલા રૂપીઆ આવે અને બાકી કેટલા આના રહે તે કહો

૯) દરેક છોકરાને ૦। શેર દૂધ આપતાં ૮૯ છોકરાને પાવાને માટે કેટલું દૂધ જોઈશે ?

૧૦) એક છોકરો અડધો લાડુ ખાય એ રીતે ૯૭ છોકરા કેટલા લાડુ ખાશે ?

૧૧) એક ખુરસીના ૨ાા રૂ. બેસે તો ૧૦૦ રૂપીઆમાંથી કેટલી ખુરસી આવશે ?

૧૨) કેટલા દોઢે ૪૨ ? કેટલા પોણે ૪૨ ? કેટલા ઢુ ૪૨ ?

૧૩) ૨૬ શેરના નવટાંક કેટલા ? પાશેર કેટલા ?

૧૪) એક ગાય ૯ શેર દૂધ આપે તો તેવી ૨૫ ગાયો કેટલું દૂધ આપશે ?

૧૫) ૨૭ અડધાના રૂપીઆ કેટલા ? પાવલા કેટલા ?

૧૬) ૧૯૨ કેરીમાં ૨૪ કેરી ઉમેરીએ તો કેટલી કેરી થાય ?

૧૭) ૨૦૭ છોકરામાંથી ૨૩ જાય તો કેટલા રહે ?

૧૮) ૨૬૧ પેનો ૯ છોકરાને સરખે ભાગે આપતાં દરેકને કેટલી આવશે ?

૧૯) પંદરે દાન દોઢસો એમ દોઢસો કયા પલાખામા આવેછે?

૨૦) એક તાળાની કિંમત ૧॥ રૂપીઓ બેસે તો ૧૮ રૂપીઆ માથી કેટલાં તાળાં આવશે ?

૨૧) ૨૮ રૂપીઆની ૨૫૨ સ્લેટ લીધી તો એ હિસાબે એક રૂપીઆની કેટલી સ્લેટ પડી ?

૨૨) એક ટોપીના ૨॥ રૂપીઆ પડે તો ૯૬ ટોપાના કેટલા બેસે?

૨૩) એક શાલના સાત રૂપીઆ પડે તો એ લેખે ૧૬૮ રૂપીઆમાંથી કેટલી શાલ આવશે ?

૨૪) ૧૬૫ કેરીમાંથી ૧૯ બગડી ગઇ તો કેટલી રહી ?

૨૫) ૧૫૭ રૂપીઆમાં ૨૯ રૂપીઆ ઉમેરીએ તો કેટલા થશે ?

૨૬) ૭૫ રૂપીઆ ૫૦ છોકરાને વહેંચતા દરેકને શું મળશે ?

૨૭) એક ઘડિઆળના ૨॥ રૂપીઆ બેસે તો એ લેખે ૭૫ રૂપીઆમાંથી કેટલી ઘડિઆળ આવશે ?

૨૮) ૪૨ ગજ લાંબું દોરડું છે તેમાંથી ૧॥, ૧॥ ગજના કકડા કરીએ તો કેટલા થાય ?

૨૯) એક છત્રીના રૂ. ૧॥ લેખે ૫૭ છત્રીનું શું આપવું ?

૩૦) એક ટોપીના રૂપીઆ ૨॥ લેખે ૧૨૦ રૂપીઆમાંથી કેટલી ટોપીઓ આવશે ?

૩૧) એક ઘડિઆળના ૮ રૂપીઆ તો ૨૮ ઘડિઆળનું શું ?
૩૨) ૨૨ રૂપીઆનું ૧ મણુ ઘી મળે તો ૨॥ મણુનું શું ?
૩૩) ૨॥ મણુ ઘીના ૫૫ રૂપીઆ પડે તો ૧ મણુનું શું ?
૩૪) ૫૫ રૂપીઆમાં ૨॥ મણુ ઘી આવ્યું તો ૨॥ રૂપીઆમાં કેટલું આવશે ?
૩૫) ૨૯ માણુસ ૧૪૫ મણુ ભાર ઉપાડે તો ૨ માણુસ કેટલો ઉપાડશે ?
૩૬) એક ટિકીટમાં ૦॥। મણુ ભાર લઇ જવાય તો ૫૭ ટિકીટમાં કેટલો ભાર લઇ જવાય ?
૩૭) એક મજુર ૨॥ મણુ વજન ઉપાડે તો ૫૨॥ મણુ વજનને માટે કેટલા મજુર જોઈશે ?
૩૮) કેટલા છક ૭૨ ? કેટલા ચોક ૭૨ ? કેટલા તરી ૭૨ ?
૩૯) કેટલા પોણે ૭૨ ? કેટલા દોઢે ૭૨ ?
૪૦) જો દરેક માણુસને ત્રણુ ત્રણુ રૂપીઆ આપું તો ૯૬ રૂપીઆમાંથી કેટલા માણુસને અપાશે ? જો ચાર ચાર; બબ્બે; છ છ, આઠ આઠ; બાર બાર; સોળ સોળ; અને ચોવીસ ચોવીસ રૂપીઆ આપું તો કેટલા માણુસને અપાય?
૪૧) ૪૮ છોકરામાંથી બાર બારની ૪ હાર કરવાને બદલે ત્રણુ ત્રણુની, છ છની, બાર બારની, સોળ સોળની અને ચોવીસ ચોવીસની કેટલી હાર કરવી ?
૪૨) ૯૫ રૂપીઆમાંથી પાંચ પાંચ રૂપીઆવાળી કેટલી નોટ આવશે ?
૪૩) દશ દશ રૂપીઆવાળી ૨૭ નોટ, એક ગીણી ને ૪ રૂપીઆ રોકડા છે ત્યારે બધું મળી કેટલા રૂપીઆ થયા ?
૪૪) એક પૈસાવાળી ૯૬ ટિકીટ આપીને તેને બદલે ૦॥ આનાવાળી કેટલી ટિકીટ લેવી ?

૪૫) એક આનાવાળી ૧૧૨ ટિકીટ લીધી ને દશ રૂપીઆની નોટ આપી તો મને પાછું. શું મળશે ?

૪૬) ૫ શેરના ૩૫ આના તો ૩ શેરનુ શું ?

૪૭) ૭ શેરના ૧૦ાા રૂપીઆ તો ૯ શેરનું શું ?

૪૮) રૂ૰ ૧૭ાાનું ૭ શેર તો ૨૯ શેરનું શું ?

૪૯) ૩૫ શેરના ૧૪ આના તો ૧ આનાનું કેટલું ?

૫૦) ૭ાા મણુના ૩૦ રૂપીઆ તો ૨૮ મણુનું શું ?

૫૧) ૨૧ આનાનું ૭ શેર તો રૂ. પાનું કેટલુ ?

૫૨) ૮ માણુસ જમાડતાં રૂા. ૫ ખર્ચ થાય તો રૂ ૮૦મા કેટલા માણુસ જમશે ?

૫૩) ૧૨ માણુસ રૂ. ૧૮ કમાય તો ૨૩ માણુસ શુ કમાય?

૫૪) ૧૫ાા કલાકમા ૬૨ માઇલ જવાય તો ૪૨ માઇલ જવાને કેટલો વખત લાગે ?

૫૫) રૂ. ૩૫૦નું ૩૫ મણુ તો ૧૮ મણુનુ શું ?

૫૬) ૨ આનાનું ૧ાા શેર તો રૂ. ૧ નું કેટલું ?

૫૮) ૨૧૬ રૂપીઆ ૮ માસ ચાલે તો ૭ માસમાં કેટલા રૂપીઆ જોઈએ ?

૫૯) ૨૦ કનકવાનો રૂ. ૧ા તો ૩૫ કનકવાનું શુ ?

૬૦) ૫ રૂપીએ મણુની ૧૫ મણુ સાકરને બદલે ૩ રૂપીએ મણુની કેટલી રાઈ લેવી ?

૬૧) ૧૩૯ રૂપીઆમાંથી ગેણી લેતાં ૪ રૂપીઆ વધ્યા ત્યારે કેટલી ગેણી લીધી હશે ?

૬૨) ૨૪માં કેટલા ઉમેરૂં તો ૭૨ થાય ?

૬૩) ૪ પૈસાના બોર લીધા, ૭ પૈસા મારા ભાઇએ આપ્યા ત્યારે ૧૦ પૈસા થયા તો પહેલાં મારી પાસે કેટલા પૈસા હશે ?

૧×૧॥= ૧॥	૨×૦॥।= ૧॥	૧૧×૧॥=૧૬॥	૨૨×૦॥।=૧૬॥
૨ ૧॥ ૩	૪ ૦॥। ૩	૧૨ ૧॥ ૧૮	૨૪ ૦॥। ૧૮
૩ ૧॥ ૪॥	૬ ૦॥। ૪॥	૧૩ ૧॥ ૧૯॥	૨૬ ૦॥। ૧૯॥
૪ ૧॥ ૬	૮ ૦॥। ૬	૧૪ ૧॥ ૨૧	૨૮ ૦॥। ૨૧
૫ ૧॥ ૭॥	૧૦ ૦॥। ૭॥	૧૫ ૧॥ ૨૨॥	૩૦ ૦॥। ૨૨॥
૬ ૧॥ ૯	૧૨ ૦॥। ૯	૧૬ ૧॥ ૨૪	૩૨ ૦॥। ૨૪
૭ ૧॥ ૧૦॥	૧૪ ૦॥। ૧૦॥	૧૭ ૧॥ ૨૫॥	૩૪ ૦॥। ૨૫॥
૮ ૧॥ ૧૨	૧૬ ૦॥। ૧૨	૧૮ ૧॥ ૨૭	૩૬ ૦॥। ૨૭
૯ ૧॥ ૧૩॥	૧૮ ૦॥। ૧૩॥	૧૯ ૧॥ ૨૮॥	૩૮ ૦॥। ૨૮॥
૧૦ ૧॥ ૧૫	૨૦ ૦॥। ૧૫	૨૦ ૧॥ ૩૦	૪૦ ૦॥। ૩૦

૨૧×૧॥=૩૧॥	૪૨×૦॥।=૩૧॥	૩૧×૧॥=૪૬॥
૨૨ ૧॥ ૩૩	૪૪ ૦॥। ૩૩	૩૨ ૧॥ ૪૮
૨૩ ૧॥ ૩૪॥	૪૬ ૦॥। ૩૪॥	૩૩ ૧॥ ૪૯॥
૨૪ ૧॥ ૩૬	૪૮ ૦॥। ૩૬	૩૪ ૧॥ ૫૧
૨૫ ૧॥ ૩૭॥	૫૦ ૦॥। ૩૭॥	૩૫ ૧॥ ૫૨॥
૨૬ ૧॥ ૩૯	૫૨ ૦॥। ૩૯	૩૬ ૧॥ ૫૪
૨૭ ૧॥ ૪૦॥	૫૪ ૦॥। ૪૦॥	૩૭ ૧॥ ૫૫॥
૨૮ ૧॥ ૪૨	૫૬ ૦॥। ૪૨	૩૮ ૧॥ ૫૭
૨૯ ૧॥ ૪૩॥	૫૮ ૦॥। ૪૩॥	૩૯ ૧॥ ૫૮॥
૩૦ ૧॥ ૪૫	૬૦ ૦॥। ૪૫	૪૦ ૧॥ ૬૦

૬૨×૦॥।=૪૬॥	૪૧×૧॥=૬૧॥	૮૨×૦॥।=૬૧॥
૬૪ ૦॥। ૪૮	૪૨ ૧॥ ૬૩	૮૪ ૦॥। ૬૩
૬૬ ૦॥। ૪૯॥	૪૩ ૧॥ ૬૪॥	૮૬ ૦॥। ૬૪॥
૬૮ ૦॥। ૫૧	૪૪ ૧॥ ૬૬	૮૮ ૦॥। ૬૬
૭૦ ૦॥। ૫૨॥	૪૫ ૧॥ ૬૭॥	૯૦ ૦॥। ૬૭॥
૭૨ ૦॥। ૫૪	૪૬ ૧॥ ૬૯	૯૨ ૦॥। ૬૯
૭૪ ૦॥। ૫૫॥	૪૭ ૧॥ ૭૦॥	૯૪ ૦॥। ૭૦॥
૭૬ ૦॥। ૫૭	૪૮ ૧॥ ૭૨	૯૬ ૦॥। ૭૨
૭૮ ૦॥। ૫૮॥	૪૯ ૧॥ ૭૩॥	૯૮ ૦॥। ૭૩॥
૮૦ ૦॥। ૬૦	૫૦ ૧॥ ૭૫	૧૦૦ ૦॥। ૭૫

ટીપ—ગ્રામ્યશાળાએ પોણાની બબ્બેની પલાખી સાથે કોઠાનો સંબંધ જોડવો.

અઢીઆં તથા સવાયાંની બન્નેની પલાખી.

૧×૨ાા = ૨ાા	૨×૧ા= ૨ાા	૧૧×૨ાા=૨૭ાા	૨૨×૧ા=૨૭ાા
૨ ૨ાા ૫	૪ ૧ા ૫	૧૨ ૨ાા ૩૦	૨૪ ૧ા ૩૦
૩ ૨ાા ૭ાા	૬ ૧ા ૭ાા	૧૩ ૨ાા ૩૨ાા	૨૬ ૧ા ૩૨ાા
૪ ૨ાા ૧૦	૮ ૧ા ૧૦	૧૪ ૨ાા ૩૫	૨૮ ૧ા ૩૫
૫ ૨ાા ૧૨ાા	૧૦ ૧ા ૧૨ાા	૧૫ ૨ાા ૩૭ાા	૩૦ ૧ા ૩૭ાા
૬ ૨ાા ૧૫	૧૨ ૧ા ૧૫	૧૬ ૨ાા ૪૦	૩૨ ૧ા ૪૦
૭ ૨ાા ૧૭ાા	૧૪ ૧ા ૧૭ાા	૧૭ ૨ાા ૪૨ાા	૩૪ ૧ા ૪૨ાા
૮ ૨ાા ૨૦	૧૬ ૧ા ૨૦	૧૮ ૨ાા ૪૫	૩૬ ૧ા ૪૫
૯ ૨ાા ૨૨ાા	૧૮ ૧ા ૨૨ાા	૧૯ ૨ાા ૪૭ાા	૩૮ ૧ા ૪૭ાા
૧૦ ૨ાા ૨૫	૨૦ ૧ા ૨૫	૨૦ ૨ાા ૫૦	૪૦ ૧ા ૫૦

૨૧×૨ાા=૫૨ાા	૪૨×૧ા=૫૨ાા	૩૧×૨ાા=૭૭ાા
૨૨ ૨ાા ૫૫	૪૪ ૧ા ૫૫	૩૨ ૨ાા ૮૦
૨૩ ૨ાા ૫૭ાા	૪૬ ૧ા ૫૭ાા	૩૩ ૨ાા ૮૨ાા
૨૪ ૨ાા ૬૦	૪૮ ૧ા ૬૦	૩૪ ૨ાા ૮૫
૨૫ ૨ાા ૬૨ાા	૫૦ ૧ા ૬૨ાા	૩૫ ૨ાા ૮૭ાા
૨૬ ૨ાા ૬૫	૫૨ ૧ા ૬૫	૩૬ ૨ાા ૯૦
૨૭ ૨ાા ૬૭ાા	૫૪ ૧ા ૬૭ાા	૩૭ ૨ાા ૯૨ાા
૨૮ ૨ાા ૭૦	૫૬ ૧ા ૭૦	૩૮ ૨ાા ૯૫
૨૯ ૨ાા ૭૨ાા	૫૮ ૧ા ૭૨ાા	૩૯ ૨ાા ૯૭ાા
૩૦ ૨ાા ૭૫	૬૦ ૧ા ૭૫	૪૦ ૨ાા ૧૦૦

૬૨×૧ા= ૭૭ાા	૪૧×૨ાા=૧૦૨ાા	૮૨×૧ા=૧૦૨ાા
૬૪ ૧ા ૮૦	૪૨ ૨ાા ૧૦૫	૮૪ ૧ા ૧૦૫
૬૬ ૧ા ૮૨ાા	૪૩ ૨ાા ૧૦૭ાા	૮૬ ૧ા ૧૦૭ાા
૬૮ ૧ા ૮૫	૪૪ ૨ાા ૧૧૦	૮૮ ૧ા ૧૧૦
૭૦ ૧ા ૮૭ાા	૪૫ ૨ાા ૧૧૨ાા	૯૦ ૧ા ૧૧૨ાા
૭૨ ૧ા ૯૦	૪૬ ૨ાા ૧૧૫	૯૨ ૧ા ૧૧૫
૭૪ ૧ા ૯૨ાા	૪૭ ૨ાા ૧૧૭ાા	૯૪ ૧ા ૧૧૭ાા
૭૬ ૧ા ૯૫	૪૮ ૨ાા ૧૨૦	૯૬ ૧ા ૧૨૦
૭૮ ૧ા ૯૭ાા	૪૯ ૨ાા ૧૨૨ાા	૯૮ ૧ા ૧૨૨ાા
૮૦ ૧ા ૧૦૦	૫૦ ૨ાા ૧૨૫	૧૦૦ ૧ા ૧૨૫

તૈયાર છે "સુખગણિત શિક્ષક" તૈયાર

પ્રાથમિક શાળાના

પહેલા ધોરણનો રૂ ૦-૧-૦, બીજા ધોરણનો રૂ ૦-૧

ત્રીજા ધોરણનો રૂ ૦-૧-૬, ચોથા ધોરણનો રૂ ૦-૨-૦

આંગ્લ શાળાના

પહેલા બીજા ધોરણનો રૂ ૦-૨-૬. ત્રીજા ધોરણનો રૂ ૦-૨

નમુનાની દરેક નકલ એકેક આનાની ટિકીટ બીડી મંગાવી ખાત્રી

કમીશનમાં પુષ્કળ લાભ.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં—

સુરત—લીમડાચોક, બુકસેલર ભગુભાઈ નારણદાસ.

,, નાણાવટ, બુકસેલર કસનદાસ નારણદાસ

અમદાવાદ—રીચીરોડ, બુકસેલર લખમણલાલ મોતીલાલ.

નડિઆદ—બુકસેલર છોટાલાલ ત્રિકમદાસ

વડોદરા—ઘી કાંટા, બુકસેલર છોટાલાલ દામોદરદાસ.

મુંબઈ—પ્રિન્સેસ રોડ, એન એમ ત્રિપાઠીની કંપની.

નવસારી—બજારમાં, બુકસેલર ગુલાબચંદ નેમચંદ.

બાળવર્ગ તથા પાંચમા ધોરણનો

છપાય છે !! સુખગણિત શિક્ષક. છપાય છે

પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

શાહ મગનલાલ મોતીરામ—શાહપોર—સુરત.